**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા** (જાન્યુઆરી, ૨૦૦૬)

**સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦** **પૂર્વ કસોટી : સત્સંગ પ્રાજ્ઞ : પ્રથમ ખંડ - પ્રશ્નપત્ર-૧** **કુલ ગુણ : ૧૦૦**

**('વચનામૃત'ના આધારે)**

**નોંધ :- જમણી બાજુએ આપેલ અંક જે તે પ્રશ્નોના ગુણાંક દર્શાવે છે.**

**પ્રશ્ન.૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** **(ગુણ ૨૧)**

૧. ઇન્દ્રિયો અંતઃકરણને પંચવર્તમાનના નિયમરૂપે જે પાંજરું તથા બેડી તેમાં રાખીને ભગવાનની ભક્તિ કરાવવી, પણ એને વિષે ગુણ ન લેવો. શત્રુભાવ જ રાખવો.
૨. શ્રીહરિના મતે સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં કઈ સમજણે આવે.
૩. ભગવાનના ભક્તને ભગવાનના ભજનને વિષે જે કોઈ વિક્ષેપ થઈ આવે છે તેનું કારણ તો પંચ ઇન્દ્રિયોના વિષય જ છે, પણ અંતઃકરણ નથી.
૪. માયિક દૃષ્ટિની નિવૃતિનો ઉપાય. પંચાળા - ૩ પ્રમાણે.
૫. અક્ષરનાં બે સ્વરૂપ.

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** **(ગુણ ૧૫)**

૧. માટે દેહે અને દેહના .................................................................. તે સાધુ કહેવાય.
૨. જેને સત્સંગ થયો છે .................................................................. કરીને રહે છે.
૩. જે કલ્યાણને અર્થે ................................................. જાડી બુદ્ધિવાળો છે.
૪. જેને પંચવર્તમાનમાં ............................................... હેત થાય છે.
૫. જ્યારે કોઈ હરિભક્તનો ................................................ તેના પણ અતિશય ગુણ લેવો.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** **(ગુણ ૪)**

૧. આત્મનિષ્ઠા  ૨. મનુષ્યભાવ-દિવ્યભાવ

**('સ્વામીની વાતો'ને આધારે)**

**પ્રશ્ન.૨. (અ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** **(ગુણ ૫)**

૧. વિશ્વાસ હોય તો પણ કેમ વર્તાય નહિ ?
૨. મહારાજને શા માટે પુરુષોત્તમ જાણવા જોઈએ ?
૩. કોનું એક પગલું અક્ષરધામમાં છે ?
૪. આઠ અશુભ યોગ કયા કયા છે ?
૫. બુદ્ધિયોગ તે શું છે ?

**(બ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો.** **(ગુણ ૫)**

૧. ........................... ની સભામાં અંગદે પાંચ પગ રોપ્યા. (શિશુપાલ, રાવણ, કંસ)
૨. જેને આવી સમજણ હોય, તેને તો ............................ પણ ન થાય. (ભૂંડા વચન, ભૂંડો સંકલ્પ, ભૂંડું આચરણ)
૩. મનવારોમાં પ્રથમ ........................... ભરશે. (પારસમણિ, રૂપિયા, ચિંતામણિયું)
૪. આવા સાધુને મૂકીને બીજે સુખ લેવા જાય તે તો ............................. ખાધા જેવું છે. (ધોલ, પાટુ, ગરદાપાટુ)
૫. 'ગુરુસાહેબ ! તબ તો બહોત બડા કલ્યાણ હોતા હૈ.' એ વાક્ય ......................... સ્વામી બોલ્યા. (બ્રહ્માનંદ, સ્વરૂપાનંદ, મુક્તાનંદ)

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો.** **(ગુણ ૧૦)**

૧. ગ્રંથિઓ ગાળવોનો ઉપાય
૨. શ્રીજીમહારાજ ને મોટા સંતની દૃષ્ટિએ પ્રાપ્તિ
૩. ગાયના દૃષ્ટાંતે મહારાજનું સુખ.

**('ભગતજી મહારાજ'ને આધારે)**

**પ્રશ્ન.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** **(ગુણ ૨૦)**

૧. અજાતશત્રુ ભગતજી મહારાજ
૨. ભગતજી તથા શાસ્ત્રીજી મહારાજનો આત્મીય સંબંધ
૩. વરતાલના મોવડીઓ ઉપર ભગતજીનો પ્રભાવ

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર નોંધ લખો.** **(ગુણ ૨૦)**

૧. ખુશાલ ભટ્ટના અલૌકિક ઐશ્વર્ય
૨. અમદાવાદમાં સ્વામીશ્રીએ સમજાવેલું મહારાજનું પુરુષોત્તમપણું
૩. આ લોક જ દુઃખદાયી છે.
૪. ભગતજીની ગુરુભક્તિ

---

**નોંધ : (૧) ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૫ માર્ચ, ૨૦૦૬ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતા રહેલી છે.**

(૨) મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલ પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર વર્ગસુપરવાઇઝર પાસેથી પોતાની જ વિગત દર્શાવતું સ્ટીકર પ્રાપ્ત કરીને, પોતાની જ જવાબવહીના મુખ્ય પૃષ્ઠ ઉપર દર્શાવેલ જગ્યામાં ચોંટાડીને, વર્ગસુપરવાઇઝરની સહી જવાબવહી ઉપર કરાવી લે. **વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

(૩) પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા કાળી શ્યાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શ્યાહીથી લખેલ ઉત્તરો માન્ય ગણાશે નહીં.

(૪) દરેક મુખ્ય પ્રશ્નના જવાબનું લખાણ નવા પાનેથી જ શરૂ કરવું.

(૫) અભ્યાસક્રમનાં પુસ્તકોને જ આધારરૂપ ગણીને લખેલ જવાબ માન્ય ગણાશે.